Part - 4, Chapter - 6



## પ્રકરણ - (૬)

### ચિત્રાભિનય - આંગિક અભિનયનો વિશિષ્ટ પ્રકાર

ભરતમુનિએ 'ચિત્રાભિનય'નો સ્વતંત્ર પ્રકરણ રુપે, નાટ્યશાસ્ત્રના ૨૬માં અધ્યાયમાં વિચાર કર્યો છે. 'સામાન્યભિનયથી' તે તદ્દન ભિન્ન છે. બંનેની પરિભાષાથી પણ તે સ્પષ્ટ થાય છે. સામાન્યભિનયનો સંબંધ વાણી અંગ તથા સત્વથી થતા વાચિક, આંગિક અને સાત્વિક અભિનય તથા પરોક્ષ રીતે આહાર્ય અભિનય સાથે જ્યારે ચિત્રાભિનયનો મુખ્યત્વે આંગિક અભિનય સાથે.

અંડ્ગાદ્યભિનયસ્યેહ યો વિશેષ: ક્વચિત્ ક્વચિત્ ।
અનુક્ત ઉચ્યતે યસ્માત્ સ ચિત્રાભિનય: સ્મૃત: ॥ (અધ્યાય ૨૬ શ્લોક ૧)

અર્થાત ક્યારેક ક્યારેક અંગ (વિગેરે) વડે થતો વિશેષ અભિનય પણ અપેક્ષિત હોય છે. એટલે અંગાદિથી થનાર જે અભિનયનું હજુ સુધી લક્ષણ આપવામાં નથી આવ્યું તેનું વિવરણ 'ચિત્રાભિનય' સમજવો.

આચાર્ય અભિનવગુપ્તે સામાન્યભિનયથી ચિત્રાભિનયને જુદો માન્યો છે. રસાત્મક પદાર્થોનું સામાન્ય ભાવભૂમિ ઉપર કરવામાં આવતું પ્રસ્તુતીકરણ સામાન્યભિનય તથા લોકપરિપાટીમાં પ્રસિધ્ધ આંગિક અભિનય (કરણ તથા અંગહાર)નું વિશેષ સ્વરુપ તથા પદાર્થો પ્રસ્તુત કરતાં કરવામાં આવતો અભિનય ચિત્રાભિનય છે. ચિત્રનો અર્થ છે અદ્ભુત વસ્તુનો સહસા પ્રભાવ પેદા કરવા માટે તથા નવીનતા દર્શાવવા માટે. આ અભિનયમાં સન્નિવેષ કરવો. ચિત્રાભિનયનું નાટ્યપ્રયોગમાં વિશેષ સ્થાન આપોઆપ પ્રગટ થાય છે. ભરતમુનિ નિરુપિત 'અંગ' શબ્દ 'અંગહાર'નો સંકેત કરે છે, જેનો સમાવેશ ચિત્રાભિનયમાં કરવામાં આવ્યો છે કારણ કે અન્યત્ર તત્વોપયોગિતાજ નિરુપવામાં આવી છે., અભિનેયતા નહિં. તેની અભિનેયતા ચિત્રાભિનયથીજ સિધ્ધ થાય છે. ( અભિનયભારતી )

ચિત્રાભિનયનું સ્વરુપ અને સીમા :

ભરતમુનિના મત પ્રમાણે ચિત્રાભિનયનો સંબંધ મુખ્યત્વે આંગિક અભિનય સાથે છે. જેમાં મુદ્રાઓ દ્વારા ચિત્રાત્મક પ્રભાવ ઉભો કરવામાં આવે છે. નાટ્યપ્રયોગને કલ્પના-સમૃધ્ધ તથા પ્રભાવશાળી રુપે રજૂ કરવા માટે આંગિક તેમજ વિભાવ વિગેરે અભિનયોના સંદર્ભમાં કેટલીક વિશિષ્ટ વિધિઓ, પ્રતીકો અને કલ્પનાઓનું વિધાન ભરતમુનિએ ચિત્રાભિનય અંતર્ગત કર્યું છે જેના સસુચિત પ્રયોગથી અભિનયમાં વિવિધતા અને સૌન્દર્યનું સર્જન થાય છે. આંગિક અભિનયના માધ્યમથીજ ચિત્ર અભિનયને રુપ આપવામાં આવે છે. તેના દ્વારા પ્રભાત, સંધ્યા, રાત્રિ, સૂર્ય અને ચંદ્રનો ઉદય તથા અસ્ત, નદી, સમુદ્ર, પર્વત અને જલ-પ્રલય વિગેરે પ્રાકૃતિક વિભુતિઓની ભવ્યતા અને વિરાટતા, હેમન્ત, શિશિર, ગ્રીષ્મ, વસન્ત વિગેરે ઋતુઓનું મનોહર સ્વરુપ, મનુષ્યની વિવિધ મનોદશાઓને આકાર, રુપ આપવામાં આવે છે. પ્રકૃતિના વિવિધ રુપો તથા મનુષ્યના મનની વિભિન્ન અવસ્થાઓને ચિત્રાભિનય પધ્ધતિથી પ્રત્યક્ષ રીતે રજૂ કરવામાં આવે છે. ભરતમુનિની દૃષ્ટિએ જનાંતિક, અપવારિત, સ્વગત અને આકાશવચનની નાટ્યધર્માં વિધિઓ વિવિધ ચિત્રાભિનય દ્વારા નાટ્યમાં પ્રયોજવામાં આવે છે. તેની વિગતવાર ચર્ચા 'વાચિક અભિનય'ના અધ્યાયમાં કરવામાં આવી છે.

ચિત્રાભિનયમાં પ્રતીકવિધાન :

નાટ્યની કથાવસ્તુને કારણે નાટ્યપ્રયોગમાં વર્ષા, જલ-પ્રલય, હાથીઓ અને મૃગોની વચ્ચે આખેટ, સિંહશાવકો સાથે રમત ખાડાટેકરાવાળી જમીન ઉપર રથની ગતિ, ચાંદની, બપોર વિગેરેનો રંગમંચ ઉપર પ્રયોગ કેવી રીતે કરવો તે બહુ મોટો પ્રશ્ન છે. પ્રાચીન ભારતીય નાટકોમાં લૌકિક અને પ્રાકૃતિક પદાર્થો તેમજ પ્રાણીઓનું પણ સ્થાન રહયું છે. દા.ત. 'અભિજ્ઞાન શાકુંતલ' માં નાયક દુષ્યન્ત રથારુઢ થઇ મૃગનો શિકાર કરે છે. એજ નાટકના બીજા અંકમાં હાથી લતાપ્રતાનોમાં અટવાય છે અને હરણોનું એક મોટું ઝુંડ શાન્ત ઉપવનોમાં ક્રીડા કરે છે. નદી તથા ઉપવનોની રમણીય દૃશ્યાવલી આવે છે. આધુનિક

રંગમંચ ઉપર આવા દૃશ્યો પ્રકાશ અને ધ્વનિ તેમજ દૃશ્યબંધની અવનવી કરામત દ્વારા સહેલાઇથી સાકાર કરી શકાય છે પરંતુ પ્રાચીન સમયના રંગમંચની પોતાની એક મર્યાદા હતી. સર્વ પ્રકારના પ્રાકૃતિક દૃશ્ય તેમજ ભૌતિક પદાર્થો રંગમંચ ઉપર પ્રત્યક્ષ બતાવવા શક્ય નહોતા. એટલે ચિત્રાભિનય દ્વારા, સંકેતાત્મક રીતે, પાત્ર દ્વારા રંગમંચ ઉપર આવા દૃશ્યો ઉભા કરવામાં આવતા. પાત્રને પોતાનો અભિનય કુશળતા બતાવવા માટે પૂરેપૂરી તક મળતી. ભરતમુનિએ લૌકિક તથા પ્રાકૃતિક પદાર્થો તેમજ વિવિધ ભાવદશાઓના સૂચન માટે પ્રતીકો પણ દર્શાવ્યા છે. આ પ્રતીકો લોક પરંપરા તથા લોકાચાર ઉપર આધારિત છે. રથારોહણ અથવા જલસંતરણ વિગેરે દૃશ્યો રજૂ કરવા માટે એવો ખાસ પ્રકારનો આંગિક અભિનય કરવામાં આવતો કે જેથી આવા દૃશ્યો માટે કૃત્રિમ સામગ્રી પ્રયોજવાની જરુર પડતી નહિ અને પ્રેક્ષકોને પ્રતીકો દ્વારા પેલા પ્રાકૃતિક-પદાર્થોની ઉપસ્થિતિનો અનુભવ થતો. ચિત્રાભિનય આવી પ્રતીક વિધિઓ તથા કલ્પના ઉપર આધારિત છે. ભરતમુનિએ પ્રાકૃતિક પદાર્થો અને તદાનુરુપ પ્રતીકોનો ઉલ્લેખ કર્યો છે જેના દ્વારા અભિનયમાં ચિત્રાત્મકતા સર્જાય છે.

## પ્રાકૃતિક પદાર્થોનો ચિત્રાત્મક અભિનય

(૧)

### દિન, રાત્રિ વિગેરેનો અભિનય :

પ્રભાત, રાત્રિ, પ્રદોષ, ઋતુઓ, વાદળ, વનપ્રદેશો, વિસ્તીર્ણ જળાશયો, દિશાઓ તથા ગ્રહ, નક્ષત્ર વિગેરે દર્શાવવા માટે બંને હાથને પાતાક મુદ્રામાં ઉત્તાન સ્વસ્તિક કરી, ઉત્ક્ષાહિત રુપે મસ્તક ઉપર લઇ જઇ વિભિન્ન દૃષ્ટિથી જોવાનું ભરતમુનિ વિધાન કરે છે. (અ. ૨૬ શ્લોક ૨, ૩, ૪) અહીં પ્રાકૃતિક વસ્તુઓને અનુરુપ દૃષ્ટિનો ભાવ પણ બદલાય છે. કારણ કે જે વસ્તુને પ્રયોક્તા જુએ છે તેના પરત્વે મનની પ્રતિક્રિયા આંખોમાં સ્પષ્ટપણે ફલિત થાય છે. અભિનવગુપ્ત ક્યારેક વિસ્મિતતા અથવા વિહોતા વિગેરે દૃષ્ટિ યોજવાનું જણાવે છે.

( ૨ )

**ભૂમિગત પદાર્થ :**

ભૂમિગત પદાર્થો દર્શાવવા માટે ઉપરોક્ત મુદ્રામાં હાથ રાખી, મસ્તક નીચે ઝુકેલુ રાખવા તથા અધોનિરીક્ષણ કરવા ભરતમુનિ જણાવે છે. (અધ્યાય ૨૬ શ્લોક ૫) આમ ભૂમિસ્થ વસ્તુઓનો સંકેત નીચે જોવાથી થાય છે જ્યારે અંગોપાંગનો બાકી ની મુદ્રાઓ પૂર્વવત રહે છે.

( ૩ )

**ચંદ્રિકા, સુખ વિગેરે :**

ભરતમુનિના વિધાન અનુસાર ચંદ્રમાની ધવલ જ્યોત્સ્ના, સુખદ વાયુ, મધુર રસ તથા ગંધ દર્શાવવા માટે ઉપરોક્ત મુદ્રાવાળા હાથને ઉપરની તરફ હાલતા અથવા ધ્રૂજતા રાખવા જોઈએ. સ્પર્શ, ગ્રહણ તથા રોમાંચના પ્રદર્શન દ્વારા તે દર્શાવી શકાય છે.

(અ. ૨૬/૬)

( ૪ )

**સૂર્ય, અગ્નિ, ઈત્યાદિ**

ભરતમુનિના વિધાન પ્રમાણે વસ્ત્ર વડે મુખ ઢાંકવાના સંકેતથી સૂર્ય, ઉડતી ધૂળ, ધુમાડો તથા આગ લાગ્યાનો ભાવ પ્રદર્શિત થાય છે તથા છાયાયુક્ત પ્રદેશના સેવનની ઈચ્છા દ્વારા ભૂમિગત તાપ, ઉષ્મા પ્રકટ કરી શકાય છે. (અ. ૨૬/૭) અહીં વસ્ત્ર વડે મુખ ઢાંકવાની ક્રિયા નક્કર છે અને ચિત્રાત્મક છે પણ 'છાયાયુક્ત પ્રદેશના સેવનની ઈચ્છા' અમૂર્ત છે અને તેને દેહના માધ્યમથી વ્યક્ત કરવાની અપેક્ષા રહે છે પણ તે વિશે ભરતમુનિએ કોઈ વિધાન કર્યું નથી. શરીરની કોઈ વિશિષ્ટ ભાવભંગિમા દ્વારા કે ખાસ પ્રકારની હસ્તમુદ્રા દ્વારા તાપ અને ઉષ્માનો સંકેત કરવાની જગ્યાએ 'છાયાપ્રદેશ સેવનની ઈચ્છા' દ્વારા સંકેત કરવાનું વિધાન વિસંગતિ ઊભી કરે છે.

( ૫ )

મધ્યાહનનો સૂર્ય :

ભરતમુનિના જણાવ્યા પ્રમાણે અર્ધખુલી આંખો (આકેકર(દૃષ્ટિ) વડે ઉપર જોવાથી મધ્યાહનનો સૂર્ય દર્શાવી શકાય છે. તેજ પ્રમાણે વિસ્મયના ભાવ દ્વારા સૂર્યનો ઉદય તથા અસ્ત બતાવી શકાય છે. (અ.૨૬/૮) અહીં પણ કોઇ વિશિષ્ટ આંગિક મુદ્રા દ્વારા નહીં પણ ભાવ દ્વારા પ્રાકૃતિક પદાર્થ દર્શાવવાનો સંકેત રહેલો છે.

( ૬ )

વિદ્યુત, ઉલ્કા વિગેરે :

ભરતમુનિના કથનાનુસાર વિદ્યુત, ખરતા તારા, ઉલ્કા, આગના અંગારા, મેઘગર્જના તથા ચિનગારી દર્શાવવા માટે અંગો ઢીલા તથા આંખો અનિમેષ રાખવી જોઇએ. (અ.૨૬/૧૫) કેટલાક આંખોના નિમેષ દ્વારા તથા પ્રસ્ત અંગો વડે સૂચવવાનું પણ જણાવે છે.

( ૭ )

લુ, ગર્મી ઇત્યાદિ :

ગરમ હવા, આકાશનો તાપ, ધૂળ ઉડવી, વર્ષા, જુગનુ (આગિયા) તથા ભ્રમર દર્શાવવા માટે 'મુખ પ્રચ્છાદન' અર્થાત મુખ ઢાંકવાનો અભિનય કરવાનું ભરતમુનિ જણાવે છે.

(અ.૨૬/૧૭)

( ૮ )

પર્વત તથા ઉંચા વૃક્ષ :

ભરતમુનિના કથન પ્રમાણે પર્વતો તથા વૃક્ષોને તેમની ઉંચાઇ સાથે બતાવવા માટે ઉપરની તરફ લંબાવી ભૂજાઓ નીચે ઝટકા સાથે ફેંકવી જોઇએ. (શ્લોક ૭૬)

( ૯ )

સાગર, વિસ્તીર્ણ જળ :

સાગર તથા તેની વિશાળતા, ગંભીર, જળ પ્રવાહ તેમજ વિશાળ સેના દર્શાવવા ઉપરની બાજુ ઝટકો મારી બે પતાક હસ્ત દ્વારા અભિનય કરવો જોઇએ.

( શ્લોક ૭૭ )

પ્રાચીન સંસ્કૃત નાટકોમાં ઉપર્યુકત પ્રાકૃતિક પદાર્થો તેમજ પરિસ્થિતિઓ પ્રચુર માત્રામાં પ્રયોજાયેલી જોવા મળે છે. શુદ્રકના 'મૃચ્છકટિક' નામના પ્રકરણમાં વર્ષા તથા મેઘગર્જનનું દૃશ્ય છે. ભાસના ચારુદત્ત નાટકમાં ઉદય પામતા ચન્દ્રની ઉકિત છે.

(ચારુદત્ત અંક ૧ )

ઉદયતિ હિ શશાંક: કિલન્નખર્જુર પાણ્ડુ : ।

ઉદયમાન ચન્દ્રમાં વિષેની આ ઉકિત બોલતી વેળા ચારુદત્ત બનતો નટ પાર્શ્વ સંસ્થિત 'સ્વસ્તિક' હાથને ઉત્તાન કરી, માથા ઉપર ઉઠાવી જોવાનો અભિનય કરતો હશે અને તે રીતે રંગતંત્રના કસબ વિના માત્ર પોતાના આ વિશિષ્ટ પ્રકારના આંગિક અભિનય થકી, ઉદય પામતા ચન્દ્રનું ચિત્ર ઊભું કરતો હશે. પ્રેક્ષકો પણ આ રૂઢ થયેલી મુદ્રાથી પરિચિત હોવાથી પ્રત્યાયન સધાતું હશે. કાલિદાસના નાટક 'અભિજ્ઞાન શાકુંતલ'માં પણ ઉદય અને અસ્ત પામતા સૂર્ય અને ચન્દ્રમાનું દૃશ્યવિધાન છે.

યાત્યેકતોસ્ત શિખરં પતિરોષધીનામ્
આવિષ્કૃતોઽરુણ પુરસ્સરએકતોઽર્ક : ।

( અ.શા.અંક ૪/૧ )

અહીં પણ રંગતંત્રના કસબ દ્વારા નહીં પણ નટના આંગિક અભિનય દ્વારાજ ચિત્ર ઊભું કરવામાં આવતું હશે. અભિજ્ઞાન શાકુંતલના પ્રથમ અંકમાં તથા સ્વપ્નવાસવદત્તાના ચોથા અંકમાં ભ્રમરોનો સંકેત ગભરાટ અને સંભ્રમ દ્વારા તથા શરદ્ ઋતુના સૂર્યની ગરમીનો અભિનય છાયાની અભિલાષા દ્વારા થતો હશે. મૃચ્છકટિકની વસન્તસેના ઉપર જોઇ મેઘ, સૂર્ય અને ચન્દ્ર તથા ઉલ્કાનો અભિનય કરતી હશે. સ્વપ્નવાસવદત્તામાં વિદૂષકની નીચેની ઉકિત વેળા ઉપર જોવાનો સ્પષ્ટ રંગનિર્દેશ પણ છે.

વિદૂષક: (ઊર્ધ્વમવલોક્ય) હી હી શરત્કાલ નિર્મલે
અન્તરિક્ષે સારસંપક્તિં યાવત્ સમાહિતં ગચ્છન્તી
પ્રેક્ષતાં તાવદ્ ભવાન

( સ્વ.વા.અંક ૪ )

## વિવિધ પશુઓનો ચિત્રાત્મક અભિનય

ભરતમુનિએ સિંહ, વાઘ, વાનર તથા અન્ય શ્વાપદોને રંગમંચ પર પ્રતિક વિધિથી રજૂ કરવા માટે, વિવિધ આંગિક મુદ્રાઓ સુચવી છે. તેમના જણાવ્યા પ્રમાણે સિંહ, રીંછ, વાનર તથા આવાં અન્ય વન્ય પશુઓ દર્શાવવા માટે પદ્મકોષ હસ્તને સ્વસ્તિક દશામાં અધોમુખ રાખી અભિનય કરવો જોઇએ. (અ. ૨૬ શ્લોક ૧૮) પદ્મકોષમાં હાથની આંગળીઓ કુંચિત થઇ જાય છે. ભયને કારણે આંગળીઓ આવી થઇ જાય છે. આકુંચિત હસ્તાંગુલિઓ દ્વારા ઉકત વન્ય પશુઓ પરત્વેનો ભયનો અનુભવ પ્રગટ કરવાથી આવાં વન્ય પશુઓનાં ઉપસ્થિતિનો સંકેત કરી શકાય છે. આમ ભરતમુનિ, વન્ય પશુઓની રંગમંચ ઉપર સાક્ષાત્ હાજરી વિના માત્ર તેમના પ્રતિ 'ભય'ની સાંકેતિક પ્રતિક્રિયા નિરુપી તેમની ઉપસ્થિતિ સૂચવવાનું જણાવે છે.

પ્રાચીન સંસ્કૃત નાટકોમાં આવા શ્વાપદોનો પ્રયોગ દૃશ્યરુપે થયેલો જોવા મળે છે. હર્ષ કૃત 'રત્નાવલી'માં એક દુષ્ટ વાનર છૂટી જવાથી આખા પ્રમદવનમાં સંભ્રમ પેદા થાય છે. આ દુષ્ટ વાનર, પાંજરુ ખોલી સારિકાને ઉડાડી મુકે છે અને સુકુમાર પ્રમદાઓની તરફ આગળ વધે છે.

એષ ખાલુ દુષ્ટવાનર ઇત એવાગચ્છતિ

(રત્નાવલી અંક ૨ )

'અભિજ્ઞાન શાકુંતલ'માં શકુંતલાનો પુત્ર સિંહશાવકો સાથે રમે છે એવું દૃશ્યવિધાન છે.
(અ.શા.અંક ૭ )

ભરતમુનિ ખર, ઉંટ, ખચ્ચર, વાઘ, સિંહ, બળદ, ગાય, ભેંસ વિગેરે પશુઓનો અભિનય ગતિપ્રચારને ઉપયુકત અંગોની ક્રિયાવડે (ગતિપ્રચારૈરઙ્ગૈશ્ચ) પ્રયોજવાનું વિધાન પણ કરે છે. (અ. ૨૬/૬૮) અહીં ગતિપ્રચાર અને અંગ એમ બે શબ્દો છૂટા લઇ 'અંગ'નો અર્થ અંગરચના લેવાથી આવા પ્રાણીઓનો અભિનય નટ જે તે પ્રાણીની ગતિનું અનુકરણ કરી તથા તેને અનુરુપ અંગરચના કરી દર્શાવી શકે એવું વિધાન પણ થઇ શકે.

## વિવિધ પક્ષીઓનો ચિત્રાત્મક અભિનય

ભરતમુનિના કથન અનુસાર પોપટ, મેના અથવા અન્ય નાના કદના પક્ષીઓ 'ત્રિપતાક' હસ્તની બે આંગળીઓ દ્વારા બતાવવા જોઇએ. (અ.૨૬/૬૬) તથા મોર, સારસ, હંસ વિગેરે સ્થૂળ પક્ષીઓ કે જેમનું કદ સામાન્ય રીતે વિશાળ હોય છે, તેમને ઉચિત રેચક તથા અંગહાર દ્વારા સાંકેતિક રીતે દર્શાવવા જોઇએ. (અ.૨૬/૬૭)

## વિવિધ પદાર્થોનો ચિત્રાભિનય

(૧)

**સુખપ્રદ પદાર્થ :**

ભરતમુનિના વિધાન પ્રમાણે સૌમ્ય અને સુખપ્રદ પદાર્થોને શરીરના સ્પર્શ તથા રોમાંચ દ્વારા પ્રદર્શિત કરી શકાય છે. (અ.૨૬ શ્લોક ૯) જે પદાર્થ તીવ્ર સુખની અનુભૂતિ કરાવતા હોય તેમાં આવો અભિનય પ્રયોજાય છે.

(૨)

**તિક્ષ્ણ પદાર્થ :**

તીક્ષ્ણ સ્વરુપવાળા (અથવા દુ:ખપ્રદ) પદાર્થોનો અભિનય અસંસ્પર્શ મુખનું અવગુંઠન તથા ઉદ્વેગ દ્વારા કરવો જોઇએ એવો ભરતમુનિનો મત છે.
(અધ્યાય ૨૬ શ્લોક ૧૦)

(૩)

**શ્રાવ્ય/દૃશ્ય પદાર્થ :**

જો કોઇ શ્રાવ્ય તથા દર્શનીય વસ્તુને (જે સ્વયં, અન્ય અથવા મધ્યસ્થ વ્યક્તિથી સંબંધિત હોય) દર્શાવવી હોય તો કાન અને આંખોને તે તરફ રાખી અભિનય પ્રદર્શિત કરવો જોઇએ. (અ. ૨૬ શ્લોક ૧૪)

(૪)

**અનિષ્ટ અને અસ્પૃશ્ય પદાર્થ :**

કોઇ અનિષ્ટ તથા અસ્પૃશ્ય વસ્તુ દર્શાવવી હોય તો ઉદ્વેષ્ટિત અને પરિવૃત્ત

(પરાવૃત્ત)કરણ હાથ વડે પ્રદર્શિત કરી મસ્તક નમેલુ રાખી દૃષ્ટિ ત્રાંસી અથવા ફરતી રાખી અભિનય કરવો જોઇએ. (અ.૨૬/૧૬)

(૫)

ધ્વજ, છત્ર, અસ્ત્ર, શસ્ત્ર :

નાટકમાં રાજસી પ્રભાવ ઊભો કરવા માટે ધ્વજા, છત્ર તથા અસ્ત્ર શસ્ત્ર વિગેરેનો પ્રયોગ જરુરી બને છે. ભરતમુનિએ આહાર્ય વિધિઓ દ્વારા આવો રાજસી પ્રભાવ ઊભો કરવા વિશે વિગતવાર ચર્ચા કરી છે. પણ ભારે બોજાવાળી વસ્તુઓ ધારણ કરવાથી પાત્ર શ્રાન્ત થઇ જાય છે અને તેનાથી અભિનય બરાબર થઇ શકતો નથી તેથી નાટ્યપ્રયોગમાં એવી ભારે સામગ્રીનો ઉપયોગ કરવાનો ભરતમુનિ નિષેધ કરે છે. નાટ્યપ્રયોગો રાજભવનની બહાર પણ થતા. સામાન્યજન માટે રાજપ્રભાવનો મૂલ્યવાન સામગ્રી મળી શકતી નથી. આથી ભરતમુનિએ આવી વ્યવહારિક મુશ્કેલીઓનો તોડ લાવવા એવા પ્રતીકો દર્શાવ્યા છે જેનાથી ખુબ સરળતાથી આવા પદાર્થોનો અભિનય થઇ શકે. જેમ કે કેવળ દણ્ડ ધારણ કરવાથી કે છત્ર, ધ્વજ, ધ્વજદણ્ડ અથવા શસ્ત્રો ધારણ કરવા માત્રથી રાજપ્રભાવ સંબંધી વસ્તુઓનો સંકેત થઇ શકતો (અ.૨૬/૨૩) બે અરાલ હસ્તને ખભા ઉપર (યજ્ઞોપવીત ધારણ કરવાના પ્રદેશ ઉપર) રાખી સ્વસ્તિક કરી હટાવી લેવાથી મોતી અથવા સુવર્ણના હાર તથા પુષ્પમાળાઓનો પ્રભાવ પેદા કરી શકાતો. (અ.૨૬/૧૨) કટકામુખ હસ્તને સ્વસ્તિક કરવાથી ચાબુક વિગેરે ગ્રહણ કરવાનો ભાવ રજૂ થઇ શકતો. (અ.૨૬/ ) તેવીજ રીતે બે મૃગશીર્ષ હસ્તને છાતીથી હટાવી જલ્દીથી લાંબા કરી દૂર લઇ જવામાં આવે તો તેનાથી કોઇ વસ્તુ ખોલવાનો (અપાવૃત) ભાવ દર્શાવી શકાતો (અ.૨૬/૭૯) હાથની હથેળી થોડી પ્રસારી અધોમુખ રાખી પુનઃઉપર ઉઠાવવાથી ગૃહ, અંધકાર, બિલ અથવા ગુહા દર્શાવી શકાતા.(અ.૨૬/૮૦) રંગમંચ ઉપર દોલા અર્થાત હિંચકાનો સંકેત રજ્જુ આદિ ગ્રહણ કરવા માત્રથી થઇ શકતો પણ હિંચકા ઉપર બેસી ઝુલવાનું દૃશ્ય હોય અને પુસ્તવિધિથી તેની રચના કરવામાં આવી હોય તો આસન પર બેસી પાત્ર ઉચિત ગતિ દર્શાવી તે સાકાર કરી શકતો. આમ ભરતમુનિ અહીં સદૃશાત્મક ક્રિયાઓના અનુકરણ દ્વારા જેમ કે અંગોનો આવેગ, રજ્જુગ્રહણ-તથા નાટ્યધર્મી

વિધાન અનુસાર બનાવવામાં આવેલ હિંચકા દ્વારા રંગમંચ પર હિંચકા ઝુલવાનું દૃશ્ય ચિત્રાત્મક રીતે ઊભું કરવા જણાવે છે. (અ. ૨૬/૮૨ અને ૮૩)

( ૬ )

સંખ્યાગણના :

ભરતમુનિના વિધાન પ્રમાણે એકથી દસ સુધીના અંકોની ગણના, આંગળીઓની તેટલીજ સંખ્યા અથવા આંગળીઓ ઉપર (વેઢા) ગણનાં તથા દશ, સો, હજાર વિગેરે દસગણી સંખ્યા બે પતાક હસ્ત દ્વારા દર્શાવવી જોઇએ. જો સંખ્યા દસ અથવા તેનાથી વધારે હોય તો પરોક્ષરૂપે અભિનય દ્વારા અથવા પ્રત્યક્ષરૂપે વાક્ય દ્વારા તેની ગણના દર્શાવવી જોઇએ. (અ. ૨૬/૨૦ થી ૨૨)

( ૭ )

ઊંચાઇ :

મસ્તકને ઉદ્વાહિત અને હંસપક્ષ બંને હાથને જમણી બાજુ ઊંચા ઉઠાવી ઘુમાવવાથી ઊંચાઇ પ્રદર્શિત થાય છે. ( અ. ૨૬ શ્લોક ૨૫ )

કોઇપણ લૌકિક પદાર્થની ઊંચાઇ સાંકેતિકપણે આ રીતે દર્શાવી શકાય છે.

ઉપરોક્ત અભિનય-વિધિઓનો પ્રયોગ ભરતમુનિની વ્યાપક નાટ્ય દૃષ્ટિનો સંકેત કરે છે. તેઓ નાટ્યમાં ભૌતિક, પ્રાકૃતિક અને આકાશી પદાર્થોનો પ્રભાવ પુસ્તવિધિ તથા આંગિક ચેષ્ટાઓ દ્વારા પ્રતીકાત્મક રીતે ઊભો કરવાનો આગ્રહ રાખે છે. આ પ્રતીક વિધાન કેવળ કલ્પનાશ્રિત નથી પણ લોકવ્યવહારાશ્રિત છે. વિભિન્ન પ્રાકૃતિક પદાર્થો પરત્વે મનુષ્યની જે આંગિક પ્રતિક્રિયાઓ હોય છે તેને શાસ્ત્રીય સ્વરૂપ આપવાનો ભરતમુનિએ પ્રયત્ન કર્યો છે.

## વિવિધ વ્યક્તિઓ સૂચવવા ચિત્રાભિનય

( ૧ )

અદૃશ્ય વ્યક્તિઓ સૂચવવા ચિત્રાભિનય :

ભરતમુનિના કથન પ્રમાણે અદૃશ્ય ભૂત, પિશાચ, યક્ષ, દાનવ તથા રાક્ષસોનું સૂચન

સૂચન તદાનુરૂપ અંગહારો દ્વારા અથવા તેમના નામના નિર્દેશ તથા તદાનુરૂપ વર્ણન દ્વારા કરવું જોઇએ. (અ. ૨૬/૬૯) તેજ પ્રમાણે અદૃશ્ય રહેલા દેવો માટે પ્રણામ તેમજ ભાવાનુરૂપ ચેષ્ટા-પ્રદર્શન દ્વારા અભિનય થવો જોઇએ. જો કોઇ મનુષ્ય વ્યક્તિ અદૃશ્ય હોય તો તેનો અભિનય જમણી બાજુથી 'અરાલ' હસ્ત ઉઠાવી મસ્તકને/લલાટને સ્પર્શ કરતો રાખવો જોઇએ.

(અ. ૨૬/૭૧-૭૨)

( ૨ )

કાલગ્રસ્ત/શ્રાન્ત વ્યક્તિ સૂચવવા :

ભરતમુનિના વિધાન અનુસાર અતીત (કાળ)નું નિર્ગમન, નષ્ટ પામેલ વ્યક્તિ તથા શ્રાન્ત પુરુષના વચન દર્શાવવા મસ્તકને 'અરાલ' મુદ્રાવાળા હસ્તથી ટેકવી અભિનવ કરવો જોઇએ. ( અ. ૨૬/૨૬)

( ૩ )

કામ તથા શાપગ્રસ્ત વ્યક્તિ સૂચવવા :

ભરતમુનિ જણાવે છે તેમ જો કોઇ વ્યક્તિ કામ તથા શાપગ્રસ્ત હોય અથવા જ્વરથી ચેતનાહીન થઇ ગઇ હોય તો તેનો અભિનય તેમની શારીરિક ચેષ્ટાઓનું અનુકરણ કરતાં (સદૃશ્ય) કરવો જોઇએ. ( અ. ૨૬/૮૧ )

( ૪ )

ભૂત, પિશાચ, યક્ષ, દાનવ વિગેરે :

ભરતમુનિના મત પ્રમાણે ભૂત, પિશાચ, યક્ષ, દાનવ તથા રાક્ષસ વિગેરે જ્યારે પ્રત્યક્ષ પ્રવેશ ન કરતા હોય અથવા દેખાતા ન હોય ત્યારે તેમને અંગહારો દ્વારા અથવા તેમનું નામ લઇ વર્ણન કરતાં દર્શાવવા જોઇએ. જ્યારે નાટ્યકથાના પ્રયોજનને કારણે તેમને રંગમંચ ઉપર સાક્ષાત હાજર બતાવવા જરુરી હોય ત્યારે પણ વિસ્મયયુક્ત ભય અને ઉદ્વેગ દર્શાવી તેમની ઉપસ્થિતિ સૂચવવી જોઇએ. (અ. ૨૬ શ્લોક ૬૯-૭૦ )

( ૫ )

દેવ, ગુરુજન, મહાજન, મિત્રવર્ગ વિગેરે :

ભરતમુનિના જણાવ્યા પ્રમાણે અદૃશ્ય દેવતાઓનો અભિનય પ્રણામ તથા ભાવાનુરૂપ ચેષ્ટા

પ્રદર્શન દ્વારા થવો જોઇએ. જો દેવતા પૂજ્ય હોય તથા સશરીર પ્રત્યક્ષ દેખાય તો તેમના પ્રત્વેનો આદરભાવ પ્રમાણ, પ્રભાવ તથા ગંભીર ભાવ સાથે બતાવવો જોઇએ. દેવતા, ગુરુ તથા પૂજ્ય સ્ત્રીનું અભિવાદન કરવા માટે કટકાવર્ધમાન તથા કપોત હસ્તનો પ્રયોગ કરવો જોઇએ. ગુરુજનોનો ચરણસ્પર્શ દર્શાવવા ત્રિપતાક હસ્તને સ્વસ્તિક કરવા જોઇએ. અનેક વ્યક્તિઓનો સમૂહ-મહાજન દર્શાવવા તેમજ મિત્રવર્ગ, વિટ તથા ધૂર્ત વ્યક્તિઓના સંકેત કરવા માટે પરિમંડળ' હસ્ત દર્શાવવો જોઇએ.

( અ. ૨૬ શ્લોક ૧૯ (પૂર્વાર્ધ)
તથા શ્લોક ૭૧, ૭૩ થી ૭૫)

## ઋતુઓનો અભિનય

ભરતમુનિએ નાટ્યપ્રયોગમાં ઋતુઓના પ્રતીકાત્મક અભિનય વિશે વિસ્તૃતપણે ચર્ચા કરી છે.

( ૧ )

**શરદ ઋતુ :**

સર્વ ઇન્દ્રિયોની સ્વસ્થતા, દિશાઓની પ્રસન્નતા તથા વિવિધ પ્રકારના રંગબેરંગી ફુલોના પ્રદર્શન દ્વારા શરદ ઋતુનો અભિનય થઇ શકે છે એવું ભરતમુનિનું વિધાન છે.

( અ. ૨૬/શ્લોક ૨૭)

( ૨ )

**હેમન્ત ઋતુ :**

ઉત્તમ તથા મધ્યમ (પાઠાન્તર પ્રમાણે મધ્યમ તથા અધમ) પાત્રો એ ગાત્રોના સંકોચન દ્વારા તથા સૂર્ય, આગના સાગ્રહ સેવન દ્વારા (પાઠાન્તર પ્રમાણે સૂર્ય, આગ તથા ગરમ વસ્ત્રોના નિદર્શન દ્વારા) હેમન્ત ઋતુનો અભિનય કરવો જોઇએ. અધમ પાત્રોએ શિર, દાંત, અને ઓષ્ઠના કંપન તથા સીત્કાર દ્વારા તેનો અભિનય કરવો જોઇએ, પરંતુ દૈવયોગથી જો ઉત્તમ પાત્ર વિપત્તિગ્રસ્ત હોય તો તે દશામાં અધમ પાત્રની જેમ શીતાર્ત વ્યક્તિનો અભિનય કરવો જોઇએ. (અ. ૨૬ / શ્લોક ૨૮થી ૩૦ )

( ૩ )

શિશિર ઋતુ :

~~પ્રકનુજ~~ પ્રકનુજ પુષ્પોની સુગંધ લેવાથી, તેમજ આસવ-પાન તથા રુક્ષ વાયુ સ્પર્શ દ્વારા શિશિર ઋતુનો અભિનય કરવાનું ભરતમુનિનું વિધાન છે. (અ. ૨૬/૩૧)

( ૪ )

વસન્ત ઋતુ :

વસન્ત ઋતુનો અભિનય આનન્દપ્રદ વસ્તુઓનું સેવન, કાર્ય પ્રારંભ તથા વિવિધ પુષ્પોના પ્રદર્શન દ્વારા કરવો જોઇએ એવો ભરતમુનિનો મત છે. (અ. ૨૬/૩૨)

( ૫ )

ગ્રીષ્મ ઋતુ :

ભૂમિનો તાપ, સ્વેદ અપમાર્જન અર્થાત્ પરસેવો લુછવો, પંખો હલાવવો તથા ગરમ વાયુના સ્પર્શ દ્વારા ગ્રીષ્મ ઋતુનો અભિનય કરવો જોઇએ એવું ભરતમુનિનું કથન છે. (અ. ૨૬ /૩૩ )

( ૬ )

વર્ષા ઋતુ :

કદમ્બ, નિમ્બ (નીપ) કુટજ પુષ્પોનું ખિલવું, હરિયાળું ઘાસ, ઇન્દ્રગોપકીટ, મેઘવાત તથા સુખદ સ્પર્શ દ્વારા વર્ષા ઋતુનો અભિનય કરવો જોઇએ. (અ. ૨૬ /૩૪ ) ગંભીર મેઘગર્જના, મુશળધાર વર્ષા, વીજળીઓના કડાકા દ્વારા તથા વીજ પડવાના અભિનય દ્વારા વર્ષા ઋતુની રાત્રિનો અભિનય કરવો જોઇએ એમ ભરતમુનિ જણાવે છે. ( અ. ૨૬ /૩૫)

પ્રાચીન ભારતીય જીવનમાં ઋતુશોભાનું વિશેષ મહત્વ હતું. નાટકમાં પણ ઋતુ શોભાનો પ્રયોગ થતો. 'અભિજ્ઞાન શાકુંતલ'માં ગ્રીષ્મનું 'સ્વપ્નવાસવદત્તમ્'માં શરદઋતુનું, ચારુદત્ત અને 'મૃચ્છકટિક'માં વર્ષાના દૃશ્યો આલેખાયેલા છે. આ બધી ઋતુઓ રંગતંત્રના કસબ દ્વારા નહિ પણ નટ દ્વારા ભરતનિરુપિત વિવિધ ઋતુઓના ઉપરોક્ત ચિત્રાભિનય દ્વારા સાંકેતિક રીતે

પ્રતીકાત્મકપણે સરળતાથી દર્શાવી શકાતી. ભરતમુનિ દ્વારા નિરુપાયેલ પ્રતીકોનો પ્રયોગ નાટ્યકારોએ યથાવસર કર્યો છે.

## ઋતુઓનું રસાનુગ પ્રદર્શન

ભરતમુનિનું વિધાન છે કે, જે ઋતુનું જે ચિહ્ન, વેષ, કર્મ અને રુપ હોય તેનું પ્રદર્શન, ઇષ્ટ અને અનિષ્ટ અવસ્થાઓ સાથે, ઉચિત સ્વરુપે, અનુરુપ પ્રતીકો દ્વારા થવું જોઇએ. (અ. ૨૬ /૩૬). ઋતુઓની સત્તા તો મનુષ્યના મનથી સ્વતંત્ર છે પણ તેના પરત્વેની મનુષ્યના મનની પ્રતિક્રિયાઓ તો તેની સુખ-દુ:ખાત્મક સ્થિતિ પ્રમાણે રહે છે. એટલે ઋતુઓનું પ્રદર્શન રસાનુગ હોવું જોઇએ. ચિત્ત જો કલેશયુક્ત હોય તો સુખદાયક પ્રકૃતિ પણ દાહક, દુ:ખપ્રદ જણાય છે. જેમ કે શકુંતલાના વિરહમાં ઝૂરતા દુષ્યન્તને ચંદ્રની શીતળ ચાંદની જાણે અગ્નિની વર્ષા કરતી જણાય છે. કામના પુષ્પબાણો વજ્રથી પણ કઠોર અને તીખાં લાગે છે. (અભિજ્ઞાન શાકુંતલ ૩/૩) આ વસ્તુસ્થિતિ ધ્યાનમાં રાખી ભરતમુનિ સ્પષ્ટ વિધાન કરે છે કે પાત્ર જે સુખ અથવા દુ:ખના ભાવથી આવિષ્ટ રહે છે તેને અનુરુપ પ્રાકૃતિક પદાર્થો તથા રુપો પરત્વે તેની પ્રતિક્રિયા થતી હોય છે. સુખ અથવા દુ:ખપ્રદ - જે ભાવમાં તે મગ્ન હોય તે ભાવ અનુરુપ તેને વિશ્વ દેખાય છે એટલે નાટ્ય પ્રયોગ વખતે ઋતુઓનો અભિનય કરતી વેળા મનોભાવો પ્રમાણે પ્રતિક્રિયાઓ દર્શાવવી જોઇએ.

એતાનૃતૂનર્થવશાદ્દર્શયેદ્ધિ રસાનુગાન્ ।
સુખિનસ્તુ સુખોપેતાન્ દુ:ખાર્થાન્ દુ:ખસંયુતાન્ ॥
યો યેન ભાવેનાવિષ્ટ: સુખદુ:ખેનતરેણ વા ।
સ તદાહિતસંસ્કાર: સર્વં પશ્યતિ તન્મયમ્ ॥

( અ. ૨૬ શ્લોક ૩૭ અને ૩૮ )

## વિવિધ ભાવો દર્શાવવા ચિત્રાભિનય

ભરતમુનિનું વિધાન છે કે ગાત્રના સ્પર્શ તથા પુલક દ્વારા સુખયુક્ત ભાવો તથા અસંસ્પર્શ, મુખનું અવગુંઠન તથા ઉદ્વેગ દ્વારા દુ:ખયુક્ત ભાવો દર્શાવી શકાય છે. (અ. ૨૬/૯-૧૮

સૌષ્ઠવપૂર્ણ અવયવો દ્વારા તથા ગર્વ અને વેગ સહિત શરીર દ્વારા ગંભીર અને ઉદાત્ત ભાવો બતાવી શકાય છે. (અ.૨૬/૧૧) પ્રદેશિની ઘુમાવો ચારે બાજુ જોતાં 'અલપલ્લવ' મુદ્રાવાળા હાથને દબાવવામાં આવે તો તેનાથી સર્વજ્ઞતા (સર્વાર્થગ્રહણ)નો ભાવ દર્શાવી શકાય છે. (અ.૨૬/૧૩) એકચિત્ત, આંખો ઢાળેલી, મસ્તક થોડું નમેલું તથા ડાબો હાથ 'સન્દંશ'મુદ્રામાં રાખવાથી સ્મરણ, ધ્યાન તથા વિચાર (વિતર્કિત) નિમગ્નતાનો ભાવ બતાવી શકાય છે. (અ.૨૬/૨૪) લલાટ ઉપર 'અરાલ' હસ્ત રાખી શૌર્ય, ધૈર્ય, ગર્વ, દર્પ, ઔદાર્ય, વૃદ્ધિ તથા ઉન્નતિનો ભાવ દર્શાવી શકાય છે. (અ.૨૬/૭૮)

## મનોભાવોનો પ્રતીકાત્મક અભિનય

નાટ્યપ્રયોગમાં મનોભાવો પ્રધાનપણે દર્શાવાય છે. ભરતમુનિએ ભાવાધ્યાયમાં (ના.શા. અધ્યાય ૭), સામાન્યાભિનય (ના.શા.અ.૨૪) તથા ચિત્રાભિનય અધ્યાયમાં (ના.શા.અ.૨૬) મનોભાવોની રજૂઆત સંબંધી વિસ્તૃત વર્ણન કર્યું છે. મનોભાવો અમૂર્ત છે અને તે દેહના માધ્યમથી વ્યક્ત થાય છે. એ ભરતમુનિનું સર્વવ્યાપક વિધાન છે. અંગોપાંગના સંચાલન તથા મુખરાગ દ્વારા મનોભાવો સરળતાથી વ્યક્ત કરી શકાય છે. મનોભાવોની રજૂઆત વિભાવ અને અનુભાવ બંને દ્વારા થાય છે. ભરતમુનિનું સ્પષ્ટ વિધાન છે કે વિભાવો તથા અનુભાવોના પ્રદર્શન દ્વારા 'ભાવો' નો અભિનય થવો જોઇએ. ભાવની સિદ્ધિમાં અનુભાવ પ્રધાન અંગ રહે છે. વિભાવોથી સંબંધિત કાર્યો અનુભાવ દ્વારા અભિવ્યક્ત કરવા જોઇએ. ભાવનો સંબંધ આત્માનુભવથી છે અને અનુભાવનો સંબંધ બીજા પ્રત્યેના આત્મભાવોના પ્રદર્શનથી છે. (અ.૨૬ શ્લોક ૩૯-૪૦) ગુરુ, મિત્ર, સખા, સ્નિગ્ધ, પિતૃ, માતૃ, સંબંધી અથવા બન્ધુ રુપે જે પાત્ર (અભિનયાર્થ) મંચ ઉપર આવે છે અથવા ઉચિત રુપે સૂચિત થાય છે તે બધા વિભાવ કહેવાય છે એવું ભરતમુનિનું વિધાન છે. આ સંદર્ભમાં અભિનવગુપ્ત જણાવે છે કે એક વ્યક્તિને અમુક ભાવોમાં સમ્બદ્ધ કરવાનું આજ એક ઉદાહરણ છે, જેનાથી એકજ વ્યક્તિ પોતાના સ્વાભાવિક રુપમાં પણ વ્યક્તિભેદથી અનેક સંબંધો જાળવી શકે છે અને તેના સ્વરુપમાં કોઇ પ્રકારની વિકૃતિ અથવા વિભેદ રહેતો નથી. ગુરુ, મિત્ર, પ્રેમી, સંબંધી અને બન્ધુના આગમનનું આવેદન વિભાવ છે તો

આસન પરથી ઉભા થઇ અર્ઘ્ય, પાદ્ય તથા આસનદાન આદિ દ્વારા તેમનો આદર-સત્કાર તથા આદરપૂર્વક આસન વિગેરેથી ઉઠવાની તમામ પ્રક્રિયા 'અનુભાવ' છે. તેજ પ્રમાણે દૂતના સંદેશનો પ્રતિસંદેશ પણ અનુભાવ છે. (અ. ૨૬ /૪૨ થી ૪૪) આ પધ્ધતિઓ દ્વારા નાટ્યપ્રયોગમાં ભાવ, વિભાવ અને અનુભાવનો સંકેત યથોચિત રીતે પુરુષ તેમજ સ્ત્રીપાત્રોએ કરવો જોઇએ એવું ભરતમુનિનું કથન છે. (અ. ૨૬/૪૫) તે પછી ભરતમુનિ સ્ત્રી અને પુરુષ પાત્રોએ વિવિધ ભાવો દર્શાવવા કયા અનુભાવો પ્રયોજવા જોઇએ તેનો વિગતવાર ચર્ચા કરી છે જે અહિ 'ભાવપ્રદર્શનની પ્રયોગવિધિ' શિર્ષક હેઠળ આપવામાં આવી છે.

## ભાવપ્રદર્શનની પ્રયોગવિધિ

સુખ-દુ:ખાત્મક મનોભાવોનું પ્રદર્શન શરીરની કઇ ચેષ્ટાઓ તથા અનુભાવો વિગેરે દ્વારા થઇ શકે તે વિષે ભરતમુનિએ નિશ્ચિત પ્રયોગો બનાવ્યા છે જે તેમની સુક્ષ્મ પ્રયોગ દૃષ્ટિનો પરિચય કરાવે છે.

( ૧ )

### હર્ષ :

ભરતમુનિનું વિધાન છે કે પોતાના ઇષ્ટજનના શરીર સાથે આલિંગન, સસ્મિત નયન તથા રોમાંચ દ્વારા (નટે) હર્ષ પ્રદર્શિત કરવો જોઇએ. નર્તકી (નટી)એ સહસા રોમાંચિપૂર્ણ અંગ, અશ્રુપૂર્ણ નેત્ર, સસ્મિત વચન તથા પ્રીતિપૂર્ણ વ્યવહાર વડે હર્ષ પ્રગટ કરવો જોઇએ. દા.ત. 'માલવિકાગ્નિમિત્ર' નાટકમાં નૃત્ય કરતી માલવિકાના નયન ઉત્ફુલ્લ છે અને વદન શરત્કાલીન ચન્દ્રમાની કાન્તિસમું શુભ્ર અને સ્નિગ્ધ છે. (અ. ૨૬ /૫૧-૫૨)

( ૨ )

### ક્રોધ :

ભરતમુનિ જણાવે છે તેમ પુરુષપાત્રે આંખો વિસ્ફારિત અને લાલ, હોઠ દાંત વડે વારંવાર કાપવા, જોરથી શ્વાસ લેવો તથા અંગો થર થર કાંપવા વિગેરે અનુભાવો દ્વારા ક્રોધનો ભાવ પ્રગટ કરવો જોઇએ. અને સ્ત્રી પાત્રએ ઇર્ષ્યાથી ઉત્પન્ન થતા ક્રોધનો અભિનય

અભિનય કરતી વેળા આંખોમાં આંસુ લાવવા, શિર, ચિબુક તથા હોઠ ધ્રુજાવવા, ભવાં ચઢાવવાં મૌન ધારણ કરવું, આંગળીઓ મરોડવી, માલ્ય-આભરણનો ત્યાગ કરવો વિગેરે અનુભાવો દર્શાવવા જોઇએ. (અ.૨૬ / ૫૩ થી ૫૫)

( ૩ )

દુ:ખ :

ભરતમુનિના વિધાન અનુસાર પુરુષ પાત્રોએ દુ:ખનો ભાવ અતિશય નિ:શ્વાસ-ઉચ્છ્વાસ અર્થાત્ જોરથી શ્વાસ લેવો-છોડવો, અધોમુખ રાખી વિચારવું-ચિન્તામગ્ન થવું, આકાશ તરફ જોઇ દૈવને દોષ આપવો વિગેરે અનુભાવો ધ્વારા પ્રગટ કરવો જોઇએ. જ્યારે સ્ત્રી પાત્રોએ રડવું, જોરથી શ્વાસ લેવો, માથું પછાડવું, જમીન ઉપર આળોટવું ,જમીન ઉપર પડતું મેલવું વિગેરે અનુભાવો ધ્વારા દુ:ખનો ભાવ દર્શાવવો જોઇએ. (અ.૨૬/૫૬-૫૭) આનન્દજ તથા દુ:ખજ રુદન પ્રયોગ સ્ત્રી પાત્રોમાં ઉચિત છે પુરુષ પાત્રોમાં નહીં.

( શ્લોક ૫૮ )

( ૪ )

ભય :

ભરતમુનિ જણાવે છે તેમ પુરુષ પાત્રોનો ભય સંભ્રમ, આવેગ, હાથમાંથી શસ્ત્રો પડી જવા, ધૈર્ય તથા આવેગ વિગેરેના અભિનય ધ્વારા પ્રદર્શિત કરવો જોઇએ. સ્ત્રી પાત્રોનો ભય પ્રદર્શિત કરવા આંખોના ડોળા ચકળવકળ થવા, અંગો ફરકવા તથા કાંપવા, હૃદયમાં ભયજન્ય ત્રાસને કારણે પાર્શ્વ અવલોકન કરવું અર્થાત અડખે પડખે વારંવાર જોયા કરવું, રક્ષણ શોધવું, આક્રન્દ કરવું તથા સમીપ સ્થિત મનુષ્યને આલિંગન કરવું વિગેરે અનુભાવો યોજવા જોઇએ. (અધ્યાય ૨૬ શ્લોક ૫૯ થી ૬૧) દા.ત.'મૃચ્છકટિક' નાટકમાં વિટ અને શકાર ધ્વારા પીછો થવાથી વસન્તસેના પલ્લવક અને પરભૃત્તિકાને બૂમો પાડી બોલાવતી ઉદ્વિગ્ન, ચંચળ, કટાક્ષથી બંને પડખે જોતી, વ્યાઘ્રાનુસૃત ચકિત હરિણી જેમ પોતાના શીલની રક્ષા અર્થે ભાગતી રહે છે. (મૃચ્છકટિક અંક ૧ )

મદ :

ભરતમુનિ 'ભાવાધ્યાય'માં સંચારી ભાવોના વિભાવ અને અનુભાવ નિરુપે છે તેમાં મદને સંચારી ભાવ તરી કે ઓળખાવી તેના અનુભાવ દર્શાવ્યા છે જે પુરુષોચિત છે. 'ચિત્રાભિનયમાં મદના વિભાવ-અનુભાવ નિરુપતા જણાવે છે કે (ભાવાધ્યાયમાં) મદની જે અવસ્થાઓ પહેલાં દર્શાવી છે તેને સ્ત્રી પાત્રોમાં પણ પ્રયોજી શકાય પણ આવી અવસ્થામાં શરીર પડખે ઝુકાવી સુકુમાર તથા લલિત અંગ ચેષ્ટાઓથી યુકત રાખવું જોઇએ. સ્ત્રીઓએ આંખો ગોળ ગોળ ફરવી, આળસપૂર્ણ તથા અસંબધ્ધ બકવાસ કરવો તથા ગાત્રોના કંપન ધ્વારા 'મદ'નો અભિનય કરવો જોઇએ. (અધ્યાય ૨૬ શ્લોક ૬૨-૬૩)

ભાવપ્રદર્શનની પ્રયોગવિધિના વિવરણના અંતે ભરતમુનિ જણાવે છે કે નાટ્યપ્રદર્શનમાં સ્ત્રીઓ તથા પુરુષોએ વિભિન્ન ભાવો પ્રદર્શિત કરતી વેળા પ્રસ્તુત વિધાનોનું 'કરણ' સહિત અનુસરણ કરવું જોઇએ. (અ.૨૬- ૬૪) આમ ભરતમુનિના મતે ભાવપ્રદર્શનની આ પ્રયોગવિધિમાં આવશ્યકતા પ્રમાણે વિવિધ યથોચિત કરણોનો પ્રયોગ પણ કરવો જોઇએ.

નાટ્યપ્રદર્શનમાં સ્ત્રીઓના સર્વ ભાવો લાલિત્યપૂર્ણ તથા પુરુષોના સર્વ ભાવ ધૈર્ય તથા માધુર્યપૂર્ણ રાખવા જોઇએ એવું ભરતમુનિનું વિધાન છે. સ્ત્રી તથા પુરુષના વિભિન્ન ભાવોનો અભિનય તેમની સુકુમાર તેમજ પુરુષ પ્રકૃતિને ધ્યાનમાં રાખી પ્રયોજવો જોઇએ. પુરુષ અને સ્ત્રીના ભાવપ્રદર્શન તેમની પ્રકૃતિ પ્રમાણે હોવા જોઇએ. જે વિષે ભરતમુનિએ વિસ્તૃતપણે ચર્ચા કરી છે.

## પુરુષ અને સ્ત્રીની પ્રકૃતિ અનુસાર ભાવપ્રદર્શન

પુરુષ અને સ્ત્રીના શરીર તથા મનની પ્રકૃતિ ઘણી રીતે એક બીજાથી અલગ તરી આવે છે અને તેથી બાહ્ય અને વસ્તુઓની તેમના મન ઉપર થતી અસર અને તેની અભિવ્યકિત ભિન્ન પ્રકારની રહે છે. દા.ત. 'અભિજ્ઞાન શાકુન્તલ' નાટકમાં શકુંતલા ભ્રમરોના દર્શનથી પોતાની સુકુમાર વૃત્તિને કારણે ભયનો અનુભવ દર્શાવે છે પણ શાસક

દુષ્યન્ત તપોવનમાં આખેટ માટે પધાર્યા છે. સેનાપતિના શબ્દોમાં હિંસ્ર પશુઓના આખેટથી શરીરમાં તેજ અને મનમાં વિનોદ ઉત્પન્ન થાય છે - હલા પરિત્રાયેથાં મામેતેન મધુકરેણ અભિભૂયમાનામ્ (અભિ.શા.અંક ૧ તથા ૨/૫). સ્ત્રી અને પુરુષ વચ્ચેના પ્રકૃતિભેદને ધ્યાનમાં રાખી ભરતમુનિએ બંને માટે ભિન્ન ગતી તથા અનુભાવ વિગેરેનું વિધાન કર્યું છે. જો પુરુષ પોતાની સ્વાભાવિક દશાનો અભિનય કરે તો તેણે 'વૈષ્ણવસ્થાન'માં તથા જો સ્ત્રી પોતાની સ્વાભાવિક દશાનો અભિનય કરે તો તેણે 'આયત' અથવા અવહિત્થ સ્થાનમાં કાર્યના ઔચિત્ય અનુસાર સ્થિત રહેવું જોઇએ. તેજ પ્રમાણે કોઇ વિશેષ પ્રયોજનવશ બીજા (શેષ) સ્થાનોને પણ (પ્રકૃતિ પ્રમાણે) વિભિન્ન ભાવોનો અભિનય કરતાં વિભિન્ન પ્રકારના રુપોમાં ગ્રહણ કરી શકાય. પુરુષોની ચેષ્ટાઓ ધૈર્ય તથા લીલાપૂર્ણ અંગહારો દ્વારા તથા સ્ત્રીઓની ચેષ્ટાઓ કોમળતા તથા સુકુમાર અંગહારો દ્વારા પ્રસ્તુત કરવી જોઇએ. સ્ત્રીઓના હાથ, પગ તથા અંગોનું સંચાલન લાલિત્યપૂર્ણ રીતે જવું જોઇએ પણ પુરુષોનું અંગ સંચાલન આવશ્યકતા પ્રમાણે ધૈર્ય તથા ઔદ્ધત્યથી યુક્ત રહેવું જોઇએ. સ્ત્રીઓનો ભાવાભિનય રસ તથા ભાવને અનુરુપ રાખવો જોઇએ. પુરુષ તેમજ સ્ત્રીનો ભાવાભિનય (પાઠાન્તર પ્રમાણે શબ્દાર્થાભિનય અર્થાત વાચિક અભિનય) પણ પૃથક્ રહેવો જોઇએ.

(અધ્યાય ૨૬ શ્લોક ૪૬ થી ૫૦)

ભરતમુનિએ ચિત્રાભિનય અંતર્ગત, મૃત્યુ તથા વિષવેગની આઠ અવસ્થાઓ નિરુપવા માટેની વિવિધ આંગિક ચેષ્ટાઓ પણ નિરુપી છે.

## મૃત્યુનો અભિનય

ભરતમુનિ જણાવે છે તેમ વિભિન્ન અવસ્થા અથવા કારણોથી નિપજતાં 'મૃત્યુ'ના અનેક લક્ષણ હોય છે. જેમ કે કયારેક કયારેક જ્વર દશામાં વ્યક્તિ હાથ પગ પછાડે છે તો કયારેક તેનું શરીર તથા સર્વ અંગો જડવત્ પણ થઇ જાય છે. રોગજન્ય મરણમાં હેડકી,

5461-1

શ્વાસ ચઢવો તથા શરીરના અવયવોની શિથિલતા દર્શાવવી જોઇએ. વિષપાનથી મૃત્યુ થવાથી શરીર અને પગ વિક્ષિપ્ત થઇ જાય છે. વિષના વેગથી શરીરના વિવિધ અવયવો પર થતી અસર તથા કાર્યો નિરુપવા જોઇએ. વિષપાનથી ઉત્તરોત્તર મૃત્યુ તરફ અગ્રેસર થતી આઠ દશાઓ ભરતમુનિએ નિરુપી છે. (અ. ૨૬ શ્લોક ૧૦૪ થી ૧૧૫)

## વિષવેગની આઠ અવસ્થા

ભરતમુનિ વિષવેગને કારણે થતી આઠ અવસ્થાઓ ગણાવે છે. પ્રથમ અવસ્થામાં શરીર શક્તિહીન બની જાય છે. બીજી અવસ્થામાં શરીર કંપવા લાગે છે. ત્રીજી અવસ્થામાં શરીરમાં બળતરા ઉપડે છે. ચોથી અવસ્થામાં હેડકી આવે છે. પાંચમી અવસ્થામાં મોમાથી ફીણ નીકળવા માંડે છે. છઠ્ઠી અવસ્થામાં ગળું લટકી પડે છે. સાતમી અવસ્થામાં જડતા આવે છે અને આઠમી દશામાં મરણ નિપજે છે.

( ૧ )

### કૃશતા :

વિષપાન કર્યા પછી પ્રથમ વેગમાં ચહેરો તથા કપોલ ક્ષામ્ અર્થાત બેસી જવા, તથા વાક્યો અલ્પ ઉચ્ચારવાં અર્થાત્ ધીમા અવાજે બોલાવા વિગેરે અનુભાવો દર્શાવવા જોઇએ. (પાઠાન્તર પ્રમાણે આંખો ઉંડી ઉતરી જવી, ગાલ અને ચહેરો ઉતરી જવા, ખભા, પેટ તથા હાથમાં શિથિલતા -અશક્તિ આવી જવી વિગેરે અનુભાવો નિરુપવા જોઇએ.)

( ૨ )

### કંપન :

હાથ તથા પગની સાથે મસ્તકને પણ (અવસર તથા સ્થિતિ પ્રમાણે) કંપિત કરતા અથવા પ્રત્યેક અંગને પૃથક પૃથક કંપાવતા 'કંપન' દર્શાવવું જોઇએ.

( ૩ )

### ~~દાહ~~ દાહ

સંપુર્ણ શરીરને ત્રસ્ત તથા કંપિત કરતાં, શરીર તથા અંગોને ખંજવાળતા તથા મસ્તક અને શરીરના અન્ય અંગો જમીન પર પછાડતાં 'દાહ'નો અભિનય દર્શાવવો જોઇએ.

( ૪ )

હેડકી :

આંખોની પાંપણ વારંવાર ઢાળવી, ઉલ્ટી કરવી, હાથ, પગ, અથવા શરીર પછાડવું તથા અવ્યકત અક્ષરો બોલવા વિગેરે ધ્વારા હેડકી (વલલ્લિકા) દર્શાવવી જોઇએ.

( ૫ )

ફિણ :

મોમાંથી ફિણ નીકળવાનો અભિનય ઠચકારો ખાવો, ઉલ્ટી કરવી, માથાને અનુક પ્રકારે ધૂણાવી પછાડવું, બેહોશ થઇ જવું તથા આંખો ફાટી જવી વિગેરે ક્રિયાઓ ધ્વારા બતાવવો જોઇએ.

( ૬ )

શિરોભંગ :

શિરોભંગ અથવા ગ્રીવાભંગનો અભિનય વારંવાર ખભાને સ્પર્શ કરવો, કપોલ ઉપર હાથ ફેરવવો તથા માથું ઢીલું કરી નમાવી દેવું વિગેરે ક્રિયાઓ ધ્વારા દર્શાવવો જોઇએ.

( ૭ )

જડતા :

જડતાનો અભિનય બધી ઇન્દ્રિયોને ગતિહીન બનાવી દર્શાવવો જોઇએ.

( ૮ )

મરણ :

વ્યાધિ અથવા સર્પદંશથી થતાં મરણમાં આંખો બંધ કરી નાટ્યધર્મી વિધાન ધ્વારા અભિનય કરવો જોઇએ.

વિષવેગની આઠ અવસ્થાઓના વિવરણને અંતે ભરતમુનિ જણાવે છે કે આ સર્વ અવસ્થાઓમાં થતો વિશેષ અભિનય સત્વ તથા ભાવથી સંયુકત રાખી પ્રદર્શિત કરવો જોઇએ. આ ઉપરાંત જે લૌકિક વિષય કાર્ય તથા વ્યવહાર હોય તેને લોકપ્રસિદ્ધ સ્વરૂપમાંજ ગ્રહણ કરવો જોઇએ. ( અ. ૨૬ શ્લોક ૧૧૬ )

## શાસ્ત્ર તથા સત્વ અનુરુપ અભિનય

ચિત્રાભિનય અધ્યાયના અંતે ભરતમુનિએ નાટ્યપ્રયોગ સંબંધી કેટલાક મહત્વના સિધ્ધાંતો પ્રતિપાદિત કર્યા છે તદાનુસાર

( ૧ )

નાટકમાં જો શબ્દો વિકૃત તથા અપૂર્ણ પ્રયુકત થયા હોય - અથવા જો કાવ્ય અથવા પ્રયોગ પદ-પદ પર વિકૃત તથા 'સંધિ'આદિ અંગોથી હીન હોય-ત્યાં શાસ્ત્ર અનુમોદિત લક્ષણાનુસારી અભિનય પ્રયોજવો ઉચિત નથી. ( અ. ૨૬ શ્લોક ૯૬ )

( ૨ )

જે ઉત્તમ ભાવોનું વિધાન ઉત્તમ પાત્રો માટે શાસ્ત્રમાં કરવામાં આવ્યું હોય તેનો પ્રયોગ નીચ પાત્રો ધ્વારા થવો ન જોઇએ. તેજ પ્રમાણે નીચ પાત્રો માટે પ્રયોજ્ય અધમ ભાવોનો અભિનય ઉત્તમ પાત્રો ધ્વારા કદાપિ થવો ન જોઇએ. પૃથક પૃથક પાત્રો માટે નિર્દિષ્ટ ઉત્તમ, અધમ ભાવ તેમજ રસનો તદાનુરુપ પ્રયોગ થાય ત્યારે નાટ્યપ્રયોગ આકર્ષક (રાગ) બને છે.

(અધ્યાય ૨૬ શ્લોક ૯૭-૯૮)

જેમ માળી પુષ્પમાળાને અનેક જાતના પુષ્પો વડે ગૂંથે છે, તે પ્રમાણે નાટકમાં વિભિન્ન શારીરિક મુદ્રાઓ, રસ તથા ભાવથી યુકત પ્રયોગ થવો જોઇએ.

(અધ્યાય ૨૬ શ્લોક ૧૧૭)

( ૪ )

સમગ્ર અભિનય વિધિઓને સત્વાતિરિકતતાથી વિભૂષિત કરવી ઉચિત છે. સત્વ અથવા મનોભાવની રાગાત્મક અભિવ્યકિતજ નાટ્યપ્રયોગનો પરમ ઉદ્દેશ છે અને તે સિધ્ધ કરવા માટે અભિનય સત્વસંયુકત રાખવો જરુરી બને છે. ભરતમુનિ જણાવે છે કે રંગમંચ ઉપર પ્રવેશનાર જે પાત્રની નાટ્યવિધાન અનુસાર જે ગતિ તથા કાર્ય નક્કી કરવામાં આવ્યા હોય તેને પાત્ર રંગનિષ્ક્રમણ કરે ત્યાં સુધી સાત્વિક ભાવથી યુકત રાખવા જોઇએ.

યા યસ્ય લીલા નિયતા ગતિશ્ચ
રઙ્ગપ્રવિષ્ટસ્ય વિધાનયુકય: ।
તામેવ કુર્યાદવિમુકતસત્વો
યાવન્ન રાગાત્ પ્રતિનિ:સૃત સ્યાત્ । (અ. ૨૬ શ્લોક ૧૧૮ )

દેવતા, ઋષિ, રાજા તથા ગૃહસ્થી જનતા જીવનની પૂર્વ ઘટનાઓનું અનુકરણાત્મક પ્રદર્શન 'નાટ્ય' કહેવાય છે.

દેવતાનામૃષીણાસ્ય રાજ્ઞામથ કુટુમ્બિનામ્ ।
પૂર્વવૃત્તાનુચરિતં નાટ્યમિત્યભિધીયતે ॥ ૧૨૨ ॥

પ્રજાજનની અનેક અવસ્થાઓથી યુકત ચરિત્રનો આંગિક વિગેરે અભિનયથી યુકત પ્રયોગ 'નાટ્ય' કહેવાય છે.

લોકસ્ય ચરિતં યત્તુ નાનાવસ્થાન્તરાત્મકમ્ ।
તદઙ્ગાભિનયોપેતં નાટ્ય મિત્યભિસંજ્ઞિતમ્ ॥ ૧૨૩ ॥

નાટ્યની લોકાત્મકતા

ભરતમુનિનું કથન છે કે વાણી તથા અંગોના ક્રમશ:અભિનય વિધાનમાં જે અનેક વાત કહી શકાઇ નથી તેને લોકવ્યવહારથી ગ્રહણ કરવી જોઇએ. (શ્લોક ૧૧૯) ભરતમુનિની દૃષ્ટિએ નાટ્યપ્રયોગ માટે લોકપરંપરા વેદ તથા અધ્યાત્મ આ ત્રણેયને પ્રમાણ માનવામાં આવ્યા છે. શબ્દ, છન્દ, ગીત વિગેરેનો પ્રયોગ તો શાસ્ત્રથી સિધ્ધ થાય છે પણ નાટ્ય તો લોકાત્મક હોવાથી લોક પરંપરાને અનુવર્તે ત્યારેજ સિધ્ધ થાય છે. નાટકની સફળતામાં લોકજ અધિકૃત પ્રમાણ છે.

લોકસિધ્ધં ભવેત સિધ્ધં નાટ્યં લોકાત્મકં તથા ॥ ૧૨૧
તસ્માન્નાટ્યપ્રયોગે તુ પ્રમાણ લોક ઇષ્યતે ।

લોકોની અનેક અવસ્થાઓથી યુકત ચરિત્રનો આંગિક વિગેરે અભિનયથી યુકત પ્રયોગ નાટ્ય કહેવાય છે. તેથી લોકોની અનેક અવસ્થાઓથી યુકત કથાઓ, ચરિત્ર 'નાટ્યવેદના' ચતુર પ્રયોકતાએ નાટ્યમાં રજૂ કરવી જોઇએ. શાસ્ત્ર, નિયમ, કળા અને કાર્યની સંબંધ લોકથી હોવાથી લોકધર્મ પ્રવૃત્તિઓનો નાટ્યમાં સમાવેશ કરવો જોઇએ.

યાનિ શાસ્ત્રાણિ યે ધર્મા યાનિ શિલ્પાનિ યા: ક્રિયા :
લોકધર્મપ્રવૃત્તાનિ તન્નાટયમિતિ સંજ્ઞિતમ્ ॥ ૧૨૫ ॥

આ સ્થાવર જંગમાત્મક જગતના સમગ્ર ભાવો તથા ચેષ્ટાઓનું શાસ્ત્ર દ્વારા સ્વરુપ નક્કી કરવું સંભવિત નથી, કારણ કે લોકોનો સ્વભાવ વિવિધ પ્રકારનો હોય છે અને નાટક સ્વભાવ (શીલ) ઉપર આધારિત હોય છે. માટે નાટ્યકાર તથા નાટ્યપ્રયોકતાજને લોકપ્રસિધ્ધ ઘટના તથા લોકસિધ્ધ ભાવોને નાટકમાં લેવા જોઇએ (શ્લોક ૧૨૬-૧૨૭) વિવિધ પ્રકૃતિવાળી વ્યકિતઓમાં રહેલા ભાવોના અનુકરણ સમાન આ નાટ્યપ્રયોગમાં ભાવ અંગ તથા સત્વથી યુકત રાખી પ્રસ્તુત કરવાનો હંમેશા પ્રયત્ન કરવો જોઇએ. (શ્લોક ૧૨૮) જે મનુષ્ય અભિનયની આ 'શાસ્ત્રીય વિધિ' સમજી મંચ ઉપર રજૂ કરે છે તે નાટ્યતત્વ તથા અભિનયને પ્રયોગ દ્વારા વ્યવહારિક સ્વરુપ પ્રદાન કરતો હોવાથી સન્માનનો અધિકારી બને છે. (શ્લોક ૧૨૯)

ચિત્રાભિનય અધ્યાયના અંતિમ શ્લોકમાં ભરતમુનિ વિધાન કરે છે કે આ વાણી, નેપથ્ય તથા શરીરના અંગો વડે પ્રસ્તુત કરવામાં આવતા અભિનયને જાણવો જોઇએ તથા તેની સિધ્ધિના આકાંક્ષી નાટ્યપ્રયોકતાએ (તદાનુસાર) નાટક આદિમાં પ્રયોગ કરવો જોઇએ. નાટ્યપ્રયોગ પરસ્પર વાણી (વાચિક) નેપથ્ય (આહાર્ય) તથા શરીર (આંગિક)ના સહકારને કારણે સમ્મિલિત સ્વરુપેજ પ્રસ્તુત કરવામાં આવે છે તથા તેના સમ્મિલિત સ્વરુપથીજ નાટ્યપ્રયોગમાં સિધ્ધિ સંભવી શકે છે. અહીં અંગ શબ્દથી સત્વ અથવા સાત્વિક અભિનયનો પણ ભરતમુનિએ સંકેત કર્યો છે. આમ સામાન્યાભિનયની સૂચના આપતા ચિત્રાભિનય સુધીના અભિનયક્રમને પ્રસ્તુત કરવાનો નિર્દેશ પણ કર્યો છે.

## અંતે

ભરતમુનિએ 'ચિત્રાભિનય'માં આંગિક અભિનય દ્વારા ભૌતિક જગતના પદાર્થો, પ્રાકૃતિક ઘટનાઓ, મનોહર ઋતુઓ અને નદી તથા સમુદ્ર ઇત્યાદિ વિવિધ રુપધારી વિશ્વપ્રકૃતિના અભિનય માટે પ્રતીક વિધાન નિરુપ્યું છે, જે ભરતમુનિની વ્યાપક નાટ્યદૃષ્ટિનો સંકેત કરે છે. તેઓ નાટ્યકથામાં ગતિ, યથાર્થતા અને પ્રભાવકતાનો સંચાર તે માટે નાટ્યમાં

ભૌતિક, પ્રાકૃતિક અને આકાશી પદાર્થોનો યથાસંભવ પ્રયોગ કરવા ઇચ્છતા હતાં. પુસ્તવિધિ અને પ્રતિકવિધાનના સમન્વયથી તે સિધ્ધ કરવા ચાહતા હતાં. ખરી રીતે તો આ પ્રતિક વિધાન કેવળ કલ્પના આશ્રિત નહીં પણ લોકવ્યવહાર આશ્રિત છે. 'ચિત્રાભિનય'માં વિભિન્ન પરિસ્થિતિઓ, વસ્તુઓ, ઋતુઓ, જંતુઓ તથા આકાશી પદાર્થો પરત્વે મનુષ્યની જે આંગિક પ્રતિક્રિયાઓ હોય છે તેને તો પ્રતિક વિધાનથી દર્શાવવામાં આવીજ છે સાથે સાથે મનુષ્યની મનોદશાઓ અને વિવિધ અવસ્થાઓને પણ ચિત્રાત્મક શૈલીમાં પ્રસ્તુત કરવા માટે વિવિધ અભિનય વિધિઓ બનાવી છે જેનો આધાર લોકજીવનમાં પ્રચલિત આંગિક પ્રતિક્રિયાઓજ છે.

ચિત્રાભિનયની પરંપરાનો આરંભ ભરતમુનિએ કર્યો. અભિનવગુપ્તે તેની સ્વતંત્ર સત્તા અને ઉપયોગિતાને સમર્થન આપ્યું. ભોજે પણ પોઠા અભિનયમાં ચિત્રાભિનયને માન્યતા આપી છે પણ આંગિક અભિનયથી ભિન્ન માન્યો નહીં. (સરસ્વતી કંઠાભરણ ૨/૧૫૦) આજ કારણસર રામચન્દ્ર-ગુણચંદ્રએ તેનું ખંડન કરતાં કહયું છે

યસ્તુ પંચમઃ ચિત્રાભિનય પ્રોક્તઃ સોડપ્યંગોપાંગકર્મ વિશેષ રુપત્વાત્ આંગિક એવાન્તર્ભવતિ (નાટ્યદર્પણ પૃ.૧૯૧) (અર્થાત્ જે પાંચમાં પ્રકારનો ચિત્રાભિનય કહેવામાં આવ્યો છે તે પણ અંગ તથા ઉપાંગના વિશેષ કર્મરુપ હોવાથી તેનો આંગિક અભિનય અંતર્ગતજ સમાવેશ કરવામાં આવે છે )

ધનંજય, વિશ્વનાથ અને શિંગભૂપાલ આદિ આચાર્યોએ તેનો ઉલ્લેખજ કર્યો નથી. જો કે ધનંજયે ચિત્રાભિનય અંતર્ગત પ્રતિપાદિત જનાન્તિક, સ્વગત વિગેરેનું વિવેચન કથાવસ્તુના ત્રણ અંગો અંતર્ગત કર્યું છે. (દશરુપક ૧-૬૩ થી ૬૭, સાહિત્યદર્પણ ૬/૧૬૧) વી. રાઘવને પણ ચિત્રાભિનયની સ્વતંત્ર સત્તા માની નથી. ( Bhoja's Shringar Prakash પૃ.૬૦૪) શ્રી મનમોહન ઘોષની દૃષ્ટિએ વિવિધ આંગિક મુદ્રાઓના પ્રત્યક્ષ અથવા પરોક્ષ વિનિયોગ દ્વારા ચિત્રાત્મક પ્રભાવ ઊભો કરવો તે ચિત્રાભિનય. જો કે તેઓ તેને 'ચિત્રાભિનય' કહેવા કરતાં 'ચિત્રવત્મ્ અભિનય' કહેવો વધારે પસંદ કરે છે. આમ તેઓ પણ ચિત્રાભિનયનેજ આંગિક અભિનયનો એક પ્રકાર ગણે છે.